SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# ૩૮. ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને લોક સંસ્કૃતિ

*વાઘેલા કિરણબેન જયંતિલાલ*

ગુજરાત રાજ્યનો ઉત્તરનો ભાગ 'ઉત્તર ગુજરાત' તરીકે ઓળખાય છે. બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, પાટણ જીલ્લાઓ તેના વિસ્તારમાં આવે છે. ઉત્તર ગુજરાતના લોકો ડેરી અને પશુપાલન – વ્યવસાય સાથે જોડાયેલા છે. વિસ્તારની દ્રષ્ટીએ બનાસકાંઠા એ વધુ પ્રમાણમાં વિસ્તરેલું જોવા મળે છે.

ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્ય સાથે લોકનૃત્ય, ભરતગૂંથણ, સંગીત, સાહિત્ય, વધુ વ્યાપક પ્રમાણે જોડાયેલું છે. લોકસાહિત્ય દ્વારા લોકોને મનોરંજન પુરૂ પાડવામાં આવે છે. વાણી દ્વારા અભિવ્યક્ત થતું સાહિત્ય એટલે લોકસાહિત્ય, વિવિધ તહેવારોની ઉજવણ, નૃત્યો, મંદિરો, જંગલ, નદીઓ આ બધા થકી આપણું ગુજરાત અનોખું છે. ઐતિહાસિક વારસામાં સ્થાન પામેલી પાટણની 'રાણકી વાવ', સિધ્ધપુરનો 'રુદ્ર મહાલય' વડનગરનું 'કિર્તી તોરણ', 'દેલવાડાના દેરાં', નડેશ્વરી માતાજીનું  મંદિર, અંબાજી માતાનું મંદિર, વરાણાનું ખોડિયાર મંદિર, એ ઉત્તર ગુજરાતની આસ્થાનું પ્રતિક છે.

ઉત્તર ગુજરાતમાં અનેક સ્થાપત્યો, સ્મારકો, વીરતાને બલિદાનની કથાઓના ઉદાર ચરોત્રો, સમર્પણ, બહારવાટીયાની કથાઓ આ પ્રદેશામાજોવા મળે છે. ઉત્તર ગુજરાતની પાળિયા કથા વિશે પણ જોવા મળે છે. ઉત્તર ગુજરાતની પાળિયા કથા વિશે પણ જોવા મળે છે. ગુજરાતના બધા જ વિસ્તારોમાં પાળીયાઓ મળે છે. લોક સાહિત્યમાં લોકગીતો પણ વધુ પ્રમાણમાં જોવા મળે છે. જેમાં હાલરડાં, વ્રતગીતો, લગ્નગીતો, રાસડા, રાંદલમાના ગીતો, મરસિયા વગેરે ઉત્તર ગુજરાતનાં સામાજિક સંદર્ભને રજુ કરતા ગીતોમાં 'વહુ કરે છે મોટા ઘરની વાત જો – અમૃત પટેલ

ઉત્તર ગુજરાતના 'હડીલા' ખાસ કરીને બનાસકાંઠાનાં ઠાકોરોમાં આ ગીતો દિવાળીના તહેવારો ઉપર ગણાય છે. જે પણ ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્યનું નજરાણું છે.

ઉત્તર ગુજરાતની બોલીમાં પણ લાક્ષણિકતાઓ જોવા મળે છે. ઉત્તર અને મધ્ય ગુજરાતમાં ઘણા બોલી લક્ષણો સમાન છે. ઉત્તર ગુજરાતની બોલીમાં 'પાણી'નું 'પોણી' 'ગામ'નું ''ગોમ', ઉત્તર ગુજરાતની બોલીનો પણ પ્રભાવ વિશેષ જોવા મળે છે.

ઉત્તર ગુજરાતમાં સવિશેષ ગવાતું ઢાળમધુર ગીત ક્રમાંક ૧૮૪નુ પાણીયારા નીચે વાવાતાં કંકુનું છે. એના પાંદ લાંબા છે. દશ-વીસ ડાળો ફૂટી છે અને ફળની લુંબ આવી છે. કુમકુમ એટલે માંગલિક પ્રસંગે અનિવાર્ય એવો પવિત્ર પદાર્થ, કંકુને વાવવું, ડાળીઓને વિસ્તારવું એટલે વંશ-કુટુંબનો વિસ્તાર ૪૧૩ ભીલોનું કુકડા ગીત છે.

ઉત્તર ગુજરાત પ્રદેશની સાંસ્કૃતિક ધરોધર સમી લોકસંગીતની પરંપરાને ઉજાગર કરવી, ઉત્તર ગુજરાતમાં વસતા ગઢવી, તુરી, બારોટ, નટ, બજાણીયા, રબારી, ભરથરી, ચારણ વગેરે તેમજ જીવનશૈલીનાં ભાગરૂપે કે જીવન સાથે બનાયેલા પ્રસંગો સાથે ગાવામાં આવતા, લોકગીતો, કથાગીતો, લોક નૃત્યો વગેરે સાથે સંકળાયેલ લોકસંગીતને ઉજાગર કરવાનો મુખ્ય ઉદ્દેશ છે.

મેરાયો નૃત્ય ઉત્તર ગુજરાતના બનાસકાંઠા જીલ્લાના વાવ તાલુકામાં ભજવાતું લોકનૃત્ય છે. તેમાં ઠાકોર સમુદાયના લોકો ભાગ લેતા હોય છે. મેરાયો રમવાની શરૂઆત વાવ તાલુકાના દૈયપ ગામના ઠાકોરોએ થરાદ તાલુકામાં મુસ્લિમ શાસન સમયે લોકજાગૃતિ માટે કરી હતી. આ નૃત્ય ત્રણ દિવસ દિવાળી, બેસતું વર્ષ, અને ભાઈબીજએ રમવામાં આવતું હતું.

ઉત્તર ગુજરાતના લોકસાહિત્યકાર ડૉ. અમૃત પટેલ, પ્રેમજી પટેલ, કનુભાઈ જાની તેમજ કેટલાય સર્જકો લોકસાહિત્ય ક્ષેત્રે તેમનું પ્રદાન વિપુલ પ્રમાણમાં કરેલું છે. ઉત્તર ગુજરાતના સાહિત્યમાં ભવાઈકલા પણ જોવા મળે છે. ભવાઈ શબ્દ સંસ્કૃત 'ભાવ' શબ્દ સાથે સંબંધ ધરાવે છે. બીજો અર્થ 'ભવાઈ' શબ્દ 'ભવ' એટલે વિશ્વ, જગત, 'આઈ એટલે માતા. અહી તેને જગતની માતા એટલે કે જગદંબા ગની છે. ભવાઈમાં અંબાની ભક્તિને કેન્દ્રમાં રાખીને નાટક ભજવવામાં આવે છે. આજે પણ નવરાત્રીએ ભવાઈ દ્વારા મા અંબાની પૂજા કરવામાં વ્વે છે.

ભવાઈનું પિયર ઉત્તર ગુજરાત ગણાય છે. ભવાઈનું નામ સાંભળતા પ્રથમ નામ અસાઈત ઠાકરનું નામ યાદ આવે. ગુજરાત કળા ભવાઈ મંડળ કલાકારોએ રાજા હરિશ્ચંદ્ર, તારામતીની પૌરાણિક વાર્તા પર ભવાઈ રજુ કરેલી છે. ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્યમાં કહેવતો, રૂઢિપ્રયોગો પણ વિપુલ પ્રમાણમાં ઉપયોગ થયેલો જોવા મળે છે.

ઉત્તર ગુજરાતનું લોકસાહિત્ય અને સંસ્કૃતિ અનેરી પ્રતિભા ધરાવે છે.

- સંદર્ભ સાહિત્ય :


  - ગુજરાતી લોકસાહિત્ય હસું યાજ્ઞિક .ડૉ –
  - જયંતિલાલ સોબનાસકાંઠાનાં લોકસંસ્કાર અને લોકવાણી – દવે .
  - જયંત કોઠારી ભાષા પરિચય અને ગુજરાતી ભાષા નું સ્વરૂપ –